### ડેન્ગ્યુ અને વાયરસના નવા કેસથી આરોગ્ય વિભાગ સક્રિય

# શહેરમાં ડેન્ગ્યુના બે અને વાયરલ હેપેટાઈટિસનો એક નવો કેસ નોંધાયો

**348 ટીમોની** તૈયારીમાં 387 વિસ્તારોનું સર્વેક્ષણ હાથ ધરાયું, કોવિડ-19 પર સંપૂર્ણ કાબૂ

(પ્રતિનિધી) વડોદરા તા.13

વડોદરા મહાનગરપાલિકા દ્વારા ગુરૂવારે જાહેર કરાયેલા રોગચાળા નિયંત્રણના તાજેતરના અહેવાલ મુજબ શહેરમાં ડેન્ગ્યુના બે અને વાયરલ હેપેટાઈટિસનો એક નવો કેસ નોંધાયો છે. જોકે, ચિકનગુનિયા, મેલેરિયા, ટાઈફોઈડ તેમજ કોલેરા જેવા અન્ય રોગોના કોઈ નવા કેસ નોંધાયા નથી. મ્યુનિસિપલ આરોગ્ય વિભાગે કોવિડ-19ની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં હોવાનું જણાવ્યું છે. કોર્પોરેશનની કુલ 348 ટીમોએ શહેરના 387 વિસ્તારોમાં વ્યાપક સર્વેક્ષણ હાથ ધર્યું હતું. કુલ 36062 ઘરોની તપાસમાં 158022 નાગરિકો સમાવવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન ૫૫૯ ઘરોમાં મચ્છરના લાર્વા મળી આવ્યા હતા, જ્યારે 116132 પાણીના કન્ટેનરોની તપાસમાંથી 629 કન્ટેનરમાં લાર્વા મળી આવ્યા હતા. ડેન્ગ્યુ માટે મેળવાયેલા 29 સેમ્પલમાંથી બે કેસ પોઝિટિવ આવ્યા છે, જે સુભાનપુરા અને ફતેગંજ વિસ્તારોના છે. વાયરલ હેપેટાઈટિસના 32 સેમ્પલમાંથી એક કેસ પોઝિટિવ નોંધાયો છે, જે સાવદ વિસ્તારમાંથી મળ્યો છે. રોગચાળો ન ફેલાય તે માટે કોર્પોરેશન દ્વારા 21751 ઘરોમાં ફોગિંગ અભિયાન અને 301 વિસ્તારોમાં ધૂમ્રપાન દ્વારા જીવાતનિયંત્રણ કામગીરી હાથ ધરાઈ હતી. શહેરભરમાં તાવના કુલ 1463 કેસ નોંધાયા હતા અને તેટલી જ સંખ્યામાં લોહીના સ્લાઈડ્સ પણ માટે લેવામાં આવ્યા હતા. પાણીજન્ય રોગોની દિશામાં આજે કુલ 36 ઝાડાના કેસ નોંધાયા છે, જ્યારે ઝાડા-ઉલ્ટીની સંયુક્ત ફરિયાદોના કોઈ નવા કેસ નોંધાયા નથી. કમળા (હેપેટાઈટિસ)ના શંકાસ્પદ એક કેસની નોંધ લેવાઈ છે. આરોગ્ય વિભાગે નાગરિકોમાં કુલ 1229 ORS પેકેટ અને 7511 ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કર્યું હતું. શહેરભરના પાણીના 616 ક્લોરીન પરીક્ષણ સેમ્પલમાં તમામમાં ક્લોરીનની હાજરી જણાઈ હતી. બાંધકામ સ્થળોની તપાસ દરમિયાન કુલ 25 સ્થળોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી એક સ્થળ પર મચ્છરજન્ય પ્રજનન જોવા મળતા નોટિસ આપવામાં આવી હતી. શાળા કે છાત્રાલયોમાં કોઈ નોટિસ આપવામાં આવી નથી.

VMCના કોવિડ-19 બુલેટિન મુજબ, 13 નવેમ્બર, 2025ના રોજ સાંજે પાંચ વાગ્યા સુધી શહેરમાં કોઈ નવા કેસ નોંધાયા નથી. અત્યાર સુધી શહેરના 90માંથી તમામ દર્દી સ્વસ્થ થઈ ડિસ્ચાર્જ થયા છે, અને કોઈ મૃત્યુ નોંધાયું નથી. હાલ શહેરના કોઈ સક્રિય કેસ નથી. મ્યુનિસિપલ આરોગ્ય વિભાગે નાગરિકોને ઘરમાં પાણીનો સંગ્રહ ન રાખવા, આસપાસની સ્વચ્છતા જાળવવા અને તાવ કે અન્ય લક્ષણ જણાય ત્યારે તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા વિનંતી કરી છે, જેથી રોગચાળાને વધુ ફેલાતો અટકાવી શકાય. સર્વેની શરૂઆત તારીખ (01/01/2025)થી કરવામાં આવેલી છે અને તે છેલ્લી તારીખ (13/11/2025) સુધીના આંકડાઓ જાહેર કરાયા છે. જેમાં ડેન્ગ્યુ,-ચિકનગુનિયા,માલેરિયા,વાયરલ હેપેટાઈટિસ(A|Eટાઈફોઈડ,કોલેરા, એક્યૂટ ડાયરિયલરોગોના લેવાયેલા સેમ્પલ લેવાયા હતા. જેમાં કુલ પોઝિટિવ કેસ 10044 નોંધાયા હતા.

## સાયખા GIDC બ્લાસ્ટ પ્રકરણમાં 24 કલાક બાદ કાટમાળમાંથી ત્રીજો મૃતદેહ મળી આવ્યો

(પ્રતિનિધી) ભરૂચ,તા.13

સાયખા GIDCમાં આવેલી વી.કે. ફાર્મકિમમાં બુધવારે મધરાત્રે થયેલા બ્લાસ્ટ બાદ ભીષણ આગ ફાટી નીકળતા ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.બુધવારે આખો દિવસ ભારે ધમાચકડીમાં બે મૃતદેહ મળ્યા બાદ વધુ એક કામદાર લાપતા હતો. 24 કલાક બાદ ગુરુવારે ત્રીજો કામદારની ડેડબોડી મળી આવી હતી. ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગની ટીમ ઘટનાના કારણોની તપાસ કરી રહી છે. અને DISH ના પ્રયાસોથી મૃત કર્મચારીઓ ધર્મેન્દ્ર મોહર, મનીષ કુમાર તેમજ સૂરજ કુમારના પરિજનોને કંપની તરફથી પ્રાથમિક 20 લાખનું વળતર આપવાની હાલ જાહેરાત કરી હતી. સમગ્ર બ્લાસ્ટની ઘટના લઈને કંપની માલિક ગૌતમ પટેલ અને અતુલ પટેલ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને લઈને DISH સાથે GPCB એ પણ કંપની સંચાલકો સામે કાર્યવાહી કરવા ગાંધીનગર વડી કચેરીને રીપોર્ટ મોકલી આપ્યો છે.આ ગંભીર ઈજામાં તેઓ હાલ જોખમથી બહાર સલામત હોવાના અહેવાલો સાપડયા છે.

## વોર્ડ નંબર 1 ભાજપનું આત્મ નિર્ભર ભારત સંકલ્પ અભિયાન અને સ્નેહમિલન



■ વોર્ડ નંબર 1 ભાજપનું આત્મ નિર્ભર ભારત સંકલ્પ અભિયાન અને નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ વડોદરા નિઝામપુરા ખાતે યોજવામાં આવ્યું હતું. શહેર પ્રમુખ ડો.જયપ્રકાશ સોનીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના “આત્મનિર્ભર ભારત”ના સંકલ્પને અનુસરતાં સૌને “હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી”ના મંત્ર સાથે રોજબરોજ સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગ વધારવા આગ્રહપૂર્વક અપીલ કરી હતી. આ પ્રસંગે વડોદરા શહેરના ભાજપ પ્રમુખ ડો.જયપ્રકાશ સોની અને સયાજીગંજના ધારાસભ્ય કેયુરભાઈ રોકડિયા,શહેર મહામંત્રી સત્યેનભાઈ, વોર્ડ નંબર 1 ની સમગ્ર સંગઠનની ટીમ,અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને નાગરિકો હાજર રહ્યાં હતી.

### બીસીએ દ્વારા ખાસ કાર્યક્રમો અને યોજનાઓ અમલમાં મૂકવા ચર્ચા કરાઇ

# ક્રિકેટર ‘રાધા યાદવ દરેક યુવતી માટે પ્રેરણાસ્ત્રોત’: BCA પ્રમુખ પ્રણવ અમીન

**બીસીએ** પ્રમુખ પ્રણવ અમીને કહ્યું: “રાધા યાદવ ક્રિકેટર બનવા માંગતી દરેક યુવતી માટે પ્રેરણાસ્ત્રોત છે”



(પ્રતિનિધી) વડોદરા, તા.13

વિશ્વ વિજેતા ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર સ્પિનર રાધા યાદવે આજે એલેમ્બિક ગ્રાઉન્ડ ખાતે બરોડા ક્રિકેટ એસોસિએશન (બીસીએ)ના પ્રમુખ પ્રણવ અમીનની મુલાકાત લીધી હતી. આ મુલાકાતને વડોદરામાં મહિલા ક્રિકેટના વિકાસ માટે એક મહત્વપૂર્ણ ક્ષણ ગણીને જોવામાં આવી રહી છે. મુલાકાત દરમિયાન પ્રણવ અમીને રાધા યાદવની સિદ્ધિઓની ભુરી ભુરી પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, “રાધા યાદવ આજે એ તમામ યુવતીઓ માટે જીવંત પ્રેરણા છે જેઓ ક્રિકેટમાં કરિયર બનાવવા માગે છે. ભારતીય મહિલા ટીમના વર્લ્ડ કપ વિજયથી દેશભરની છોકરીઓમાં નવો ઉત્સાહ અને આત્મવિશ્વાસ જાગ્યો છે અને રાધા તેનું સૌથી સુંદર ઉદાહરણ છે.” તેમણે વધુમાં ખાસ ભાર મૂકતાં કહ્યું, “કોઈ પણ ટેલેન્ટેડ યુવતી કે દીકરીને ક્રિકેટમાં આગળ વધવા માટે જો સપોર્ટની જરૂર હોય તો બીસીએ અને હું વ્યક્તિગત રીતે હંમેશા તેમની પડખે ઊભા રહીશું.”રાધા યાદવે પણ આ મુલાકાતમાં પોતાની શરૂઆતના દિવસોની યાદોને તાજી કરી હતી. તેણે કહ્યું, “મારી ક્રિકેટ યાત્રા એલેમ્બિક ગ્રાઉન્ડથી જ શરૂ થઈ હતી. પિતાજી મને મુંબઈથી વડોદરા લાવ્યા અને અહીં મને પ્રથમ તક મળી. કોચ ગીતા ગાયકવાડ મેડમ અને એલેમ્બિકના તમામ સ્ટાફે મને એટલો સપોર્ટ અને પ્રોત્સાહન આપ્યું કે આજે હું આંતરરાષ્ટ્રીય સ્તરે રમી રહી છું. વડોદરામાં એલેમ્બિક ગ્રાઉન્ડ મારા માટે સૌથી સુરક્ષિત અને સપોર્ટિવ જગ્યા રહ્યું છે.” મુલાકાત દરમિયાન બીસીએ દ્વારા વડોદરામાં મહિલા ક્રિકેટને વધુ મજબૂત બનાવવા આગામી દિવસોમાં ખાસ કાર્યક્રમો અને યોજનાઓ અમલમાં મૂકવાની પણ ચર્ચા કરાઈ હતી. આ મુલાકાતથી વડોદરાની અનેક નવી પેઢીની યુવતી ખેલાડીઓમાં નવો જોશ ભરાયો છે અને રાધા યાદવ જેવી સફળતાની વાર્તા હવે વધુ નજીકથી દેખાઈ રહી છે.

### ખેલ મહાકુંભ અંતર્ગત પુર્વ ઝોન કક્ષાની સ્પર્ધા

# ખો-ખો સ્પર્ધામાં પ્રાથમિક શાળાના બાળકો ચેમ્પિયન



**તાલુકા** કક્ષાએ યોજાયેલ ખોખોની સ્પર્ધામાં શાળાની ટીમ પ્રથમ ક્રમે વિજેતા બની

(પ્રતિનિધી) વડોદરા, તા.13

કવિ દુલા કાગ પ્રાથમિક શાળા ખાતે બાળકોના સર્વાંગી વિકાસ માટે અવિરત પ્રયત્નો કરવામાં આવે છે. એના પરિણામ સ્વરૂપ શાળાના બાળકો માટે શિક્ષણ નહીં રમત ગમતના ક્ષેત્રમાં પણ અગ્રેસર રહે છે. ખેલ મહાકુંભ અંતર્ગત આજરોજ તાલુકા કક્ષાએ યોજાયેલ ખોખોની સ્પર્ધામાં શાળાની ટીમ પ્રથમ ક્રમે વિજેતા બની હતી.

વિજેતા બનવા બદલ શાળા પરિવાર તમામ બાળકો અને સતત એમની સાથે રહેતા શિક્ષક મિત્રો સુરેશભાઈ અને ચંદ્રસિંહભાઈને પણ અભિનંદન અને આગળની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવે છે.

### સુખી પરિવાર ફાઉન્ડેશન દ્વારા ‘માસિક સ્વાસ્થ્ય-સ્વચ્છતા જાગૃતિ અભિયાન’

# જૈન મુનિ ડૉ. રાજેન્દ્ર વિજયે શરૂ કરી માસિક સ્વચ્છતા ક્રાંતિ

(પ્રતિનિધી) વડોદરા, તા.13



આદિવાસી મહિલાઓને સશક્ત બનાવવા અને તેમના આરોગ્ય તથા ગૌરવને સુનિશ્ચિત કરવા માટેનો એક ઐતિહાસિક પગલું ભરતાં ગુજરાતની સુખી પરિવાર ફાઉન્ડેશન (SPF) એ આજે જૈન મુનિ ડૉ. રાજેન્દ્ર વિજયના આધ્યાત્મિક માર્ગદર્શન હેઠળ આદિવાસી મહિલાઓ માટે ‘માસિક સ્વાસ્થ્ય અને સ્વચ્છતા જાગૃતિ અભિયાન’ નો રાષ્ટ્રીય સ્તરે પ્રારંભ કર્યો છે.

આ કાર્યક્રમ ચિનમય મિશન ઓડિટોરિયમ, લોધી રોડ, નવી દિલ્હી ખાતે યોજાયો હતો, જેમાં મુખ્ય અતિથિ તરીકે કેન્દ સરકારની મહિલા અને બાળ વિકાસ રાજ્ય મંત્રી સાવિત્રી ઠાકોર, રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC) ના મહાસચિવ ભરતલાલ, દિલ્હી ભાજપા પ્રદેશ પ્રમુખ વિરેન્દ્ર સચદેવા, દિલ્હી MCD ની સ્ટેન્ડિગ કમિટિની અધ્યક્શ સહિત અનેક ગણમાન્ય અતિથિઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સંબોધિત કરતાં વક્તાઓએ સુખી પરિવાર ફાઉન્ડેશનના આ પ્રયત્નની પ્રશંસા કરી, જેણે આદિવાસી વિસ્તારોમાં મહિલાઓના આરોગ્ય સાથે જોડાયેલા સૌથી અવગણાયેલા મુદ્દા – માસિક સ્વચ્છતા અને જાગૃતિને રાષ્ટ્રીય ચર્ચાના કેન્દ્રમાં લાવ્યો છો તેમણે જણાવ્યું કે સાચો વિકાસ ત્યારે જ શક્ય છે જ્યારે મહિલાઓનું આરોગ્ય, ગૌરવ અને સમાનતા સુનિશ્ચિત થાય, ખાસ કરીને તે સમુદાયોમાં જે હજી પણ વિકાસની મુખ્ય ધારા થી દૂર છો સુખી પરિવાર ફાઉન્ડેશન વર્ષોથી દેશભરમાં આદિવાસી સમુદાયોના વિકાસ માટે શિક્ષણ, રોજગાર, કુશળતા વિકાસ, પર્યાવરણ સંરક્ષણ, પાણી સંવર્ધન અને હવામાન પરિવર્તન જાગૃતિ જેવા ક્ષેત્રોમાં કાર્યરત છે.

### નંદ મહોત્સવ, માર્કેન્ડેય પૂજન, કેસર સ્નાનના ત્રિવેણી સંગમ યોજાયું

# બેઠક મંદિર ખાતે વેદાંત કુમારજીનો જન્મોત્સવ ભક્તિ સભર ઉજવાયો

**કીર્તનકારોએ** કીર્તનોની ભારે રમઝટ બોલાવી બેઠક મંદિર કાંકરોલી ધામમાં ફેરવાયું હતું



(પ્રતિનિધી) વડોદરા, તા.13

શહેરના કેવડાબાગ સ્થિત બેઠક મંદિર ખાતે સાક્ષાત માઁ યમુનાજી સ્વરૂપ અમ્માજી, ડોક્ટર વાગીશ કુમારજી મહારાજ,અ.સૌ.વહુજી,લાલન સિદ્ધાંત કુમારજી અનેકવિધ વલ્લભ કુલ વૈષ્ણવાચાર્યની મંગલમય ઉપસ્થિતિમાં વેદાંત કુમારજીના જન્મોત્સવ નિમિત્તે સુવર્ણો પલ્લામાં પ્રભુને ઝુલાવીને નંદ મહોત્સવ ગોકુલમય વાતાવરણનું વિદ્વાન બ્રાહ્મણો દ્વારા ધાર્મિક વૈદિક મંત્રોચ્ચાર સાથે માર્કેન્ડેય પૂજન, યમુના જળમાં કેસર ઢોળી સ્નાન કરાવું શામળા કેસર સ્નાનના ત્રિવેણી સંગમ રૂપે દેશ, વિદેશ, શહેર ,જિલ્લા, ગ્રામીણ વિસ્તારમાંથી ખૂબ વિશાળ જન સંખ્યામાં વૈષ્ણવોને મંગલ વધાઈ આપવા માટે અને પ્રભુના અલૌકિક મનોરથ દર્શન કરીને ભાવુક બન્યા હતા. કીર્તન કારોએ કીર્તનોની ભારે રમઝટ બોલાવી બેઠક મંદિર કાંકરોલી ધામમાં ફેરવાયું હતું. મહિલાઓ ધોળ પદ ના ગાન દ્વારા મંગલ વધાઈ સાથે ગરબે ઘૂમી ઝૂમી ઊઠી હતી. ચરણ સ્પર્શ કરવા અને કેસર સ્નાન કરવા માટે ખૂબ લાંબી કતારો જામી હતી. મંગલ વધાઈ આપવા આવેલા વૈષ્ણવોને તૃતીય પીઠએ શુભમ ભવતુ કલ્યાણસ્તુ એમ શુભ આશીર્વાદ પ્રદાન કર્યા હતા.

### મતદાન મથક ખાતે મેપિંગ/લિન્કિંગમાં મદદ મળશે

# મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ હેઠળ કેમ્પ

**વડોદરા** જિલ્લામાં આવતીકાલે અને રવિવારે મતદારો માટે ખાસ કેમ્પ યોજાશે, આગામી શનિ-રવિ પણ વિશેષ કેમ્પનું આયોજન

(પ્રતિનિધી) વડોદરા, તા.13

વડોદરા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) - ૨૦૨૫ અંતર્ગત જિલ્લાના મતદારોની સુવિધા માટે આવતીકાલે શનિવાર અને રવિવારે ખાસ કેમ્પનું આયોજન કર્યું છે. આવી જ રીતે તા. ૨૨ અને ૨૩ નવેમ્બર એટલે કે આગામી શનિ-રવિવારે પણ આ ખાસ કેમ્પ યોજાશે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા આ ખાસ સઘન સુધારણા કાર્યક્રમનો હેતુ ભૂલ રહિત અને સચોટ મતદાર યાદી તૈયાર કરવાનો છે, ત્યારે વડોદરા જિલ્લામાં આ ચારેય દિવસો દરમિયાન સવારે ૯ કલાકથી બપોરે ૧ કલાક સુધી બૂથ લેવલ ઓફિસર તેમના મતદાન મથક પર હાજર રહેશે. મતદારો આ સમય દરમિયાન બી.એલ.ઓ.ની મદદથી મેપિંગ/ લિન્કિંગ કરાવી શકશે. જે મતદારોનું નામ અથવા તેમના માતા/પિતા/ દાદા/દાદીનું નામ વર્ષ-૨૦૨૨ ની મતદાર યાદીમાં ના હોય, તેવા કિસ્સામાં વૈકલ્પિક પુરાવાઓ અંગે પણ યોગ્ય માર્ગદર્શન આપશે. જિલ્લા ચૂંટણી અધિકારી ડો. અનિલ ધામેલિયાએ વડોદરા જિલ્લાના તમામ મતદારોને આ વિશેષ કેમ્પનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો છે.

### મુખ્યમંત્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ સ્વદેશી અપનાવવાના સપથ ગ્રહણ કર્યા

# CMના હસ્તે ‘અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ -ફૂડ ફોર થોટ ફેસ્ટ-25’નો શુભારંભ

**કેન્દ્રીય** શિક્ષણ મંત્રી દાર્મેન્દ્ર પ્રધાન વિશેષ ઉપસ્થિતિ રહ્યા

(પ્રતિનિધી) વડોદરા, તા.13

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે “અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ 2025” તથા “ફૂડ ફોર થોટ ફેસ્ટ 2025”ભવ્ય શુભારંભ થયો છે. આ પ્રસંગે મુખ્યમંત્રી અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સહિત ઉપસ્થિત મહાનુભાવોએ સ્વદેશી અપનાવવાના સપથ ગ્રહણ કર્યા હતા.આ કાર્યક્રમનો પ્રારંભ મુખ્યમંત્રી તથા મહાનુભાવો દ્વારા ભારત માતાને પુષ્પાંજલિ અર્પણ કરી અને “નવું ભારત @150” ગીતના સ્વરો સાથે થયો હતો. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે “મિશન ફોર મિલિયન ટ્રીઝ” કોફી ટેબલ બુકનું અનાવરણ કરી વિવિધ શૈક્ષણિક અને સાહિત્યિક ઝોન તેમજ નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના સ્ટોલની પણ મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ કેનવાસ પર સહી કરી ગુજરાતમાં અમદાવાદ શહેર કોમનવેલ્થ ગેમ -2030 માટે તૈયાર છે, તેને ગૌરવ પૂર્ણ ક્ષણ ગણાવી હતી.આ પ્રસંગે ભારતીય-અમેરિકન લેખક જય પટેલે ભારતના લોખંડી પુરુષ અને રાષ્ટ્રીય એકતાના શિલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે તેમનું પ્રથમ પુસ્તક બેરિસ્ટર મિસ્ટર પટેલ પ્રકાશિત કર્યું છે, જેનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક પ્રખ્યાત ફિલ્મ નિર્માતા અને વાર્તાકાર અભિષેક દુધૈયા દ્વારા સહ-લિખિત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલનો પ્રારંભ કરાવ્યા બાદતેમણે ઈનોવેશન પેવિલિયન અંતર્ગત રિસાયકલ ગ્રીન સ્ટોલ, IOTA Diagnostic Pvt. Ltd. ના સ્ટોલની, WeHear અને KeenKey LLP જેવા ઉદ્યોગોના સ્ટોલ્સની મુલાકાત લઈ તેમની પ્રશંસા કરી હતી. આ ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં તૈયાર કરવામાં આવેલા ચિલ્ડ્રન પેવેલિયનની પણ મુલાકાત લીધી હતી.

### CMએ કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ધરતીપુત્રોને જાહેર કરેલી ઉદારતમ સહાય

# 16500થી વધુ ગામોનું પોર્ટલ સાથે મેપિંગ કરાશે

**કૃષિમંત્રી** જીતુભાઈ વાઘાણીએ રાજ્યના 33 જિલ્લાના 251 તાલુકાના 16500થી વધુ ગામોનો નુકસાની સર્વે ત્વરાએ હાથ ધરાયો

https://krp.gujarat.gov.in પોર્ટલ પર ખેડૂતોને અરજી કરવા માટે VCE/ VLE મદદરૂપ થશે

(પ્રતિનિધી) વડોદરા, તા.13

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં તાજેતરના અસાધારણ કમોસમી વરસાદને પરીણામે ખેડૂતોના ઉભા પાકને થયેલા વ્યાપક નુકસાન સામે સંપૂર્ણ સંવેદનાથી પડખે ઊભા રહીને ઐતિહાસિક રાહત સહાય પેકેજ જાહેર કરેલુ છે. આ ઐતિહાસિક અને ઉદારતમ રાહત સહાય પેકેજ અંતર્ગત 9,815 કરોડ રૂપિયા ધરતીપુત્રોને થયેલા નુકસાનની સહાય પેટે ફાળવવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીએ આપદાની વેળાએ ધરતીપુત્રોની સાથે રહીને આપેલા આ ઉદારતમ પેકેજ માટે કૃષિ મંત્રીનો આભાર વ્યક્ત કર્યો છે. એટલું જ નહીં, વરસાદથી થયેલા નુકસાનનો સર્વે-પંચ રોજકામ, મંત્રીઓની અસરગ્રસ્ત જિલ્લાના ખેડૂતો સાથે પ્રત્યક્ષ મુલાકાત અને કૃષિ વિભાગ, મહેસુલ વિભાગ, નાણાં વિભાગ સહિત સંબંધિત વિભાગો સાથે સતત ઉચ્ચ સ્તરિય બેઠકો યોજીને પેકેજની જાહેરાત અને ઠરાવ થવા સુધીની સમગ્ર વહિવટી પ્રક્રિયા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં એક અઠવાડિયામાં જ પૂરી કરી દેવાના કિસાન હિતકારી અભિગમને કૃષિ મંત્રીશ્રીએ વધાવ્યો છે. તેમણે બનાસકાંઠાના વાવ-થરાદ સહિત પાંચ જિલ્લાઓમાં અગાઉ થયેલા કમોસમી વરસાદના અસરગ્રસ્તોને પણ પિયત-બિનપિયત સમાન ધોરણે 22 હજાર પ્રતિ હેક્ટર બે હેક્ટરની મર્યાદામાં સહાય જાહેર કરીને રાજ્યના ખેડૂતો પર આવી પડેલી વિપદામાં સમગ્રતયા 11 હજાર 137 કરોડનું રાહત સહાય પેકેજ આપવાનો જે સંવેદનશીલ નિર્ણય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે તે માટે પણ ખેડૂત સમાજ વતી આભાર વ્યક્ત કર્યો છે.

કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારના કૃષિ વિભાગે જાહેર કરેલા રાહત પેકેજ ઠરાવની જાહેરાત કરતાં કહ્યું કે, આ પેકેજનો લાભ મેળવવા માટે 14 નવેમ્બર, શુક્રવાર બપોરે 12 કલાકથી 15 દિવસ સુધી ઓનલાઈન પોર્ટલ કાર્યરત કરાશે. આ કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ કૃષિ રાહત પેકેજ-KRP પોર્ટલ Link: https://krp.gujarat.gov.in પર ગ્રામ પંચાયતના VCE/VLE મારફત ઓનલાઈન અરજી કરવાની રહેશે તેમ કૃષિમંત્રીએ જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યુ કે, ઠરાવ મુજબના સાધનિક કાગળો સાથે નિયમાનુસાર પાત્રતા ધરાવતા ખેડુતો દ્વારા VCE/V ખેડૂતોએ ઓનલાઈન અરજી કરવા માટે કોઈ ચૂકવણું કરવાનું રહેશે નહી.

આ પેકેજ અંતર્ગત ખેડૂતોને સહાય PFMS/RTGS મારફત DBT પદ્ધતિથી લાભાર્થીના બેન્ક ખાતામાં સીધી જમા કરવામાં આવશે. આ માટે ૧૬૫૦૦ થી વધુ ગામોનું ઓનલાઈન અરજી માટે પોર્ટલ સાથે મેપિંગ કરવામાં આવશે.

કૃષિમંત્રીએ એમ પણ જણાવ્યું કે, નિયમાનુસાર પાત્રતા ધરાવતી અરજીઓ જેમ જેમ આવતી જશે તેમ તેમ તેની ચકાસણી બાદ તાત્કાલીક સહાય ચુકવણા માટેની કાર્યવાહી કરવામાં આવશે. જરૂર જણાયે પોર્ટલ પર અરજી કરવાની સમય મર્યાદામાં વધારો કરવા પણ રાજ્ય સરકાર સકારાત્મક અભિગમ ધરાવે છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

# ફાર્માકિમ કંપનીમાં આગ મુદ્દે CMને આવેદન

(પ્રતિનિધી) ભરૂચ, તા.13

ભરૂચમાં આવેલ વિશલ્ય કરણી ફાર્માકિમ કંપનીમાં લાગેલી આગ ના સંદર્ભમાં આજે ૧૩/૧૧/૨૦૨૫ ના રોજ ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ટ્રેડ યુનિયન સેન્ટર દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી તથા શ્રમ મંત્રીને આવેદનપત્ર મોકલવામાં આવ્યું છે. ગુજરાતમાં વધતા જતા આગ તથા ઔદ્યોગિક અકસ્માતના ઘટનાની ઉલ્લેખ કરતા એઆઈ યુટીયુસી એ જણાવ્યું કે વારંવાર સરકારના ધ્યાન દોરવા છતાં આજ સુધી કોઈ પગલા ભરવામાં આવ્યું નથી. અસંખ્ય અકસ્માતોમાં છેલ્લા પાંચ વર્ષે 900 થી વધુ કામદારોને મૃત્યુ થયા છે પરંતુ જવાબદારોના સામે પગલાં ભરવાના બદલે સરકાર દ્વારા ઉદ્યોગપતિઓને ફાયદો થાય તે રીતે કાયદામાં ફેરફાર કરી રહ્યા છે જે ખૂબ જ ચિંતાજનક છે. ભરૂચ પાસે આવેલ વિશલ્યકરણી ફાર્માકિમ ઉદ્યોગમાં થયેલ અકસ્માત એટલું ભયંકર હતું કે માત્ર એ જ કંપનીના નહીં પરંતુ બાજુમાં આવેલ કંપનીના કામદારને પણ ઈજા પહોંચ્યા છે અને આ બોઈલર ફાટવાની ઘટના ના કારણે સંપૂર્ણ કંપની તહેશ નહેશ થઈ ગયા છે. શ્રમ ખાતુ તથા ડાયરેક્ટર ઓફ સેફ્ટી એન્ડ હેલ્થ ખાતામાં સ્ટાફના અછતના કારણે આટલા વિશાલ ઔદ્યોગિક વિસ્તારમાં દેખરેખ રાખવી અશક્ય થઈ રહ્યા છે.

## નાગરિક સંરક્ષણ દળમાં જોડાવાની તક

વડોદરા.નાગરિક સંરક્ષણ યુનિટ, વડોદરા દ્વારા ડિવિઝન વોર્ડન અને ડેપ્યુટી ડિવિઝન વોર્ડન માટે જગ્યાઓ ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. ઈચ્છુક સિવિલ ડિફેન્સના માન્ય સેવકોને નાગરિક સંરક્ષણ કચેરી (નાગરિક સંરક્ષણ અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, કોઠી કમ્પાઉન્ડ, વડોદરામાં રૂબરૂ ફોર્મ મેળવી લેવા.


DGVCL

**Dakshin Gujarat Vij Company Limited**

CIN U40102GJ2003SGC042909

**Ankleshwar Rural Division**

Near ONGC Workshop, Ankleshwar 393 001

DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice No. ANKR/O&M/TECH/2025-26 Adv. No. 06/2025-26**

Tenders are invited for hiring of vehicles non-AC Mahindra Bolero Camper; Annual maintenance contract for Civil work; Erection and maintenance of HT/LT lines & TC work and UG cable work for various sub-divisions under Ankleshwar Rural Division. The details are available on www.dgvcl.com and http://dgvcl.nprocure.com.

**EE (O&M), Ankleshwar Rural Division, DGVCL.**

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents